# ચૈત્યવંદન ભાષ્ય-સાર્થ

**વંદિત્તુ વંદણિજ્જે સવ્વે ચિઇવંદણાઇ-સવિયારં ।**
**બહુ વિત્તિ-ભાસ-ચુણ્ણી, સુયાણુસારેણ વુચ્છામિ ॥૧॥**

વંદન કરવા યોગ્ય સર્વજ્ઞ ભગવંતોને વંદન કરીને ચૈત્યવંદનાદિના ઉત્તમ વિચારને ઘણી વૃત્તિ, ભાષ્ય અને ચૂર્ણિવાળા શ્રુતજ્ઞાનને અનુસારે કહીશ. ॥૧॥

**દહતિગ-અહિગમપણગં, દુદિસિ-તિહુગ્ગહ-તિહા ઉ વંદણયા ।**
**પણિવાય-નમુક્કારા, વન્ના સોલ-સય-સીયાલા ॥૨॥**

**ઇગસીઈસયં તુ પયા, સગનઉઈ સંયપાઉ પણદંડા ।**
**બાર અહિગાર ચઉ વંદણિજ્જ, સરણિજ્જ ચઉહ જિણા ॥૩॥**

**ચઉરો થુઈ નિમિત્તટ્ઠ, બાર હેઊ અ સોલ આગારા ।**
**ગુણવીસ દોસ ઉસ્સગ્ગ-માણ થુત્તં ચ સગવેલા ॥૪॥**

**દસ આસાયણ-ચાઓ, સવ્વે ચિઈવંદણાઈ ઠાણાઈં ।**
**ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા ॥૫॥**

અર્થ : દશ ત્રિક[૧], પાંચ અભિગમ[૨], બે દિશા[૩], ત્રણ અવગ્રહ[૪], ત્રણ વંદન[૫],

પ્રણિપાત[૬], નમસ્કાર[૭], ૧૬૪૭ વર્ણ[૮], ૧૮૧ પદ[૯], ૯૭ સંપદા[૧૦], ૫ દંડક[૧૧], ૧૨ અધિકાર[૧૨], ૪ વંદનીય[૧૩], શરણ કરવા યોગ્ય[૧૪], ૪ જિન[૧૫], ૪ થોય [૧૬] ૮ નિમિત્ત[૧૭], ૧૨ હેતુ[૧૮], ૧૬ આગાર[૧૯], ૧૯ દોષ[૨૦], કાયોત્સર્ગનું પ્રમાણ[૨૧], સ્તવન[૨૨], ૭વાર ચૈત્યવંદન[૨૩], ૧૦ આશાતના ત્યાગ[૨૪], આ પ્રમાણે ૨૪ દ્વાર વડે સર્વે ૨૦૭૪ ચૈત્યવંદનના સ્થાન થાય છે. ॥૨-૫॥

**તિન્નિ નિસીહિ તિન્નિ ઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા ।**
**તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ ॥૬॥**

**તિદિસિ નિરિક્ખણ-વિરઈ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્ખુત્તો ।**
**વન્નાઈ-તિયં મુદ્દા-તિયં ચ તિવિહં ચ પણિહાણં ॥૭॥**

પહેલા દ્વારમાં જે દશ ત્રિકની વાત જણાવી તે નામથી જણાવે છે.

ત્રણ નિસીહિ[૧], ત્રણ પ્રદક્ષિણા[૨], ત્રણ પ્રણામ[૩], ત્રણ પૂજા[૪], ત્રણ અવસ્થાની[૫] ભાવના, ત્રણ દિશામાં જોવાનો ત્યાગ[૬], ત્રણ વાર પગ મૂકવાની ભૂમિનું પ્રમાર્જન[૭],

વર્ણ-અર્થ-આલંબનત્રિક[૮], મુદ્રાત્રિક[૯] (જિનમુદ્રા, યોગમુદ્રા મુક્તાશુક્તિમુદ્રા), ત્રણ પ્રણિધાન[૧૦]. ॥૬-૭॥

**ઘર-જિણહર-જિણપૂયા, વાવારચ્ચાયઓ નિસીહિ-તિગં ।**
**અગ્ગ-દ્વારે મજ્ઝે, તઈયા ચિઈ-વંદણા-સમએ ॥૮॥**

**૧** ત્રણ નિસીહિ ક્યારે બોલાય છે તે જણાવે છે.

[૧] ત્રણ નિસીહિમાં ઘરના વ્યાપારના ત્યાગ માટે પ્રથમ નિસીહિ જિનાલયના અગ્રદ્વારે બોલાય છે. જિનાલય સંબંધી વ્યાપારના ત્યાગ માટે બીજી નિસીહિ મધ્યદ્વાર એટલે ગભારાના દ્વાર ઉપર બોલાય છે. અને જિનેશ્વરની દ્રવ્યપૂજાના ત્યાગ માટે ત્રીજી નિસીહિ ચૈત્યવંદન સમયે કહેવાય છે. ॥૮॥

[૨] પ્રદક્ષિણા ત્રિક સુગમ છે.

**અંજલિબદ્ધો અદ્ધો-ણઓ અ પંચંગઓ અ તિપણામા ।**
**સવ્વત્થ વા તિવારં, સિરાઈ-નમણે પણામ-તિયં ॥૯॥**

[૩] (૧) અંજલિબદ્ધ પ્રણામ (૨) અર્ધાવનત પ્રણામ (૩) પંચાંગ પ્રણિપાત એમ ૩ પ્રણામ છે. અથવા ભૂમિ આદિ સર્વ સ્થાનમાં મસ્તક નમાવતી વખતે મસ્તક સન્મુખ રહેલી અંજલિને દક્ષિણાવર્ત જમણી પદ્ધતિએ મંડલાકારે ત્રણ વાર ભમાવવી તે પણ ૩ પ્રણામ કહેવાય છે. ॥૯॥

**અંગગ્ગભાવ-ભેયા, પુપ્ફાહારથુઈહિં પૂયતિગં ।**
**પંચુવયારા અટ્ઠો-વયાર સવ્વોવયારા વા ॥૧૦॥**

[૪] પુષ્પ વડે, નૈવેદ્ય વડે અને સ્તુતિ વડે અનુક્રમે અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એમ ત્રણ પૂજાના ભેદ થાય છે. અથવા પંચપ્રકારી પૂજા, અષ્ટપ્રકારી પૂજા, અને સર્વોપચારી પૂજાના ભેદથી પૂજાના ત્રણ ભેદ થાય છે. ॥૧૦॥

**ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં ।**
**છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ॥૧૧॥**

[૫] પિંડસ્થ પદસ્થ અને રૂપાતીત એમ ત્રણ અવસ્થા ભાવવી જોઈએ. તેનો અર્થ એ જ છે કે પ્રભુનું છદ્મસ્થપણું, કેવલીપણું અને સિદ્ધપણું વિચારવું. ॥૧૧॥

આ ત્રણ અવસ્થા કેવી રીતે ભાવવી ? તે જણાવે છે.

**ન્હવણચ્ચગેહિં છઉમત્થ-વત્થપડિહારગેહિં કેવલિયં ।**
**પલિયંકુસ્સગ્ગેહિ અ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ॥૧૨॥**